For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કરજણમાં ૨૨માંથી ૧૭ ગ્રામસેવકો જોડાયા, પડતર માંગણીઓ નહીં સંતોષાય તો હડતાળની ચીમકી

# ગ્રામસેવકોનું સરકાર સામે 'કાળી પટ્ટી' આંદોલન

**બેઠક** ન મળતાં આંદોલનનો માર્ગ, ફરજ યથાવત્ રાખી વિરોધ



(પ્રતિનિધિ) વડોદરાતા.9

ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. વારંવાર રજૂઆતો છતાં પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં ગ્રામસેવકોએ વિરોધનો માર્ગ અપનાવ્યો છે. આંદોલનના પ્રથમ તબક્કામાં કરજણ તાલુકામાં ફરજ બજાવતા 22માંથી 17 ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો.

મહામંડળના પ્રતિનિધિ અભિષેકભાઈ ભરડવાના જણાવ્યા મુજબ, સાત દિવસ અગાઉ સરકારને બેઠક યોજવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જોકે, સરકાર તરફથી બેઠક ન યોજાતા આંદોલન શરૂ કરવાની ફરજ પડી છે. પ્રથમ તબક્કામાં ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી પોતાની રોજિંદી કામગીરી ચાલુ રાખી હતી, જેથી ખેડૂતો અને ગ્રામજનોને કોઈ મુશ્કેલી ન પડે.

ગ્રામસેવકોની મુખ્ય માંગણીઓમાં રૂ.4,200નો ગ્રેડ પે, સમયસર ઉચ્ચતર પગાર ધોરણ અને પ્રમોશનનો સમાવેશ થાય છે. ઉપરાંત, તલાટી અને રેવન્યુ તલાટીની કામગીરી નિર્ધારિત હોવા છતાં ઉપલા અધિકારીઓ દ્વારા વધારાની કામગીરી ગ્રામસેવકો પાસે કરાવવામાં આવતી હોવાનો આક્ષેપ છે. 11થી 12 ગામોનો ચાર્જ સંભાળતા ગ્રામસેવકોને મોબાઈલ ભથ્થું કે ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સ પણ મળતું ન હોવાની રજૂઆત કરાઈ છે. આંદોલનના આગામી તબક્કામાં કલેક્ટર અને DDOને આવેદનપત્ર આપવામાં આવશે. ત્યારબાદ ગ્રામસેવકો WhatsApp ગ્રુપમાંથી બહાર નીકળી ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરી માત્ર ઓફલાઈન કામગીરી કરશે. તેમ છતાં માંગણીઓનો ઉકેલ નહીં આવે તો સમૂહ રજા અને ત્યારબાદ અનિશ્ચિત મુદતની હડતાળ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

**મુખ્ય માંગણીઓ**

- » રૂ.4,200 ગ્રેડ પે, સમયસર પ્રમોશન અને ઉચ્ચતર પગાર ધોરણ.
- » રેવન્યુ તલાટીની વધારાની કામગીરીનું ભારણ દૂર કરવું.
- » મોબાઈલ ભથ્થું અને ટ્રાવેલિંગ એલાઉન્સ આપવું.

### ધરણાં-અન્નત્યાગ અને ધારાસભ્યની રજૂઆત બાદ આવ્યો સુખદ નિર્ણય

# ગેસ ગળતરથી મૃત્યુ પામનારના પરિવારને ૨૮.૫૧ લાખનું વળતર અને બાળકોને નોકરીની ખાતરી

**પત્નીને** ૧૫થી ૧૮ હજારનું માસિક પેન્શન, બાળકોના ભણતરની સંપૂર્ણ જવાબદારી કંપની લેશે



(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

વડોદરા તાલુકાના બાજવા ગામના યુવાન અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડમાં ફરજ બજાવતા ઘનશ્યામસિંહ ગોહિલના ગેસ ગળતરની ઘટનામાં થયેલા કરુણ મોત મામલે લાંબી લડત બાદ આખરે પરિવારને ન્યાય મળ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બાજવા ગામના નિવાસી ઘનશ્યામસિંહ ગોહિલ જીએસએફસી કંપનીમાં કોન્ટ્રાક્ટર મે. જ્યોતિ એન્જિનિયરિંગમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. થોડા દિવસો પહેલા કંપનીમાં ગેસ ગળતરની ઘટના બની હતી, જેમાં તેઓ સહકર્મચારીને બચાવવા જતા પોતે ગેસની અસરમાં આવી જતાં શ્વાસ રૂંધાવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેઓ પરિવારમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ હતા. તેમની પાછળ પત્ની અને 14 વર્ષ અને 3 વર્ષમાં બે સંતાનો નિરાધાર બન્યા હતા. આ દુર્ઘટના બાદ વાઘોડિયા વિધાનસભાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખ્યો હતો. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, પરિવાર સંપૂર્ણ નિરાધાર બન્યો છે ત્યારે, જીએસએફસી કંપની દ્વારા તેમને વધુમાં વધુ વળતર અપાવવા વિનંતી કરી હતી. ઘટના બાદ ન્યાય અને વળતરની માંગ સાથે મૃતકના પરિવારજનો અને બાજવા ગામજનો ધરણા પર બેઠા હતા. આ લડતમાં સામાજિક આગેવાન લખન દરબારે પણ માનવતા દાખવી ત્રણ દિવસ સુધી અન્નનો ત્યાગ કરીને પરિવારની માંગને સમર્થન આપ્યું હતું. લાંબી લડત, ગામજનોના દબાણ અને ધારાસભ્યની રજૂઆતને પગલે આજે આ મામલે સુખદ સમાધાન થયું છે. સમજૂતી મુજબ મૃતકના પરિવારને કંપની અને કોન્ટ્રાક્ટર દ્વારા 18.51 લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. ઈએસઆઈ તરફથી અલગથી 10 લાખ રૂપિયાનું વળતર મળશે. આમ કુલ 28.51 લાખનું વળતર, મૃતકની પત્નીને દર મહિને અંદાજે 15 થી 18 હજાર રૂપિયા પેન્શન પેટે મળશે. બંને બાળકોના ભણતરની સંપૂર્ણ જવાબદારી કંપની ઉપાડશે. બાળકોનું ભણતર પૂર્ણ થયા બાદ તેમને કંપનીમાં નોકરી આપવાની જવાબદારી પણ કંપની લેશે.

# શરાફી હોલ નજીક નવો બમ્પ બનતા વિવાદ: માપદંડો સામે સવાલો ઊઠ્યા

**નિયત** માપદંડ કરતાં બમ્પ વધુ ઊંચો હોવાનો આક્ષેપ, પાલિકા કહે છે નિયમ મુજબ જ બનાવ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, શાળા-કોલેજો અને સોસાયટીઓ નજીક વાહનોની ઝડપ નિયંત્રિત કરવા સ્પીડ બ્રેકર બનાવવામાં આવે છે. સામાન્ય રીતે મ્યુનિસિપલ કમિશનરના પોર્ટલ પર રજૂઆત બાદ ટ્રાફિક પોલીસ અને પાલિકાની ટ્રાફિક શાખાના સંયુક્ત વિશ્લેષણ પછી બમ્પને મંજૂરી આપવામાં આવે છે.

તાજેતરમાં શરાફી હોલ નજીક વર્ષોથી બમ્પ વગરના રોડ પર નવો સ્પીડ બ્રેકર બનાવાયો છે. જોકે, તેની ઊંચાઈને લઈને સ્થાનિકો અને વાહનચાલકોમાં ચર્ચા શરૂ થઈ છે. કેટલાક વાહનચાલકોના મતે બમ્પ નિયત માપદંડ કરતાં વધુ ઊંચો હોવાથી ખાસ કરીને નાના વાહનોને પસાર થવામાં મુશ્કેલી પડે છે અને વાહન નીચે અથડાવાની શક્યતા રહે છે.

મહાનગરપાલિકાના અધિકારીઓનો દાવો છે કે બમ્પ નિયમો અને માપદંડ મુજબ જ બનાવાયો છે. ત્યારે જો આ બમ્પ નિયમસર હોય તો શહેરના અન્ય બમ્પની સ્થિતિ અંગે પણ સવાલો ઊભા થયા છે. નાગરિકોએ શહેરના તમામ સ્પીડ બ્રેકરોની માપણી કરાવી નિયમાનુસાર બનાવવાની માંગ કરી છે. જોકે, વિસ્તારમાં વાહનચાલકોની બેદરકારી અને અગાઉના અકસ્માતોને ધ્યાનમાં લેતા ઝડપ નિયંત્રણ માટે બમ્પ જરૂરી હોવાનો મત પણ વ્યક્ત થઈ રહ્યો છે.

### કપૂરાઈ ચોકડી પાસે રૂબરૂ મળીને ડિજિટલ કરન્સીની સ્કીમ સમજાવી

# ડિજિટલ કરન્સીમાં ત્રણ ગણું વળતરની લાલચ આપી વેપારીને ૬૧.૭૩ લાખનો ચૂનો

**રૂ.૬૫.૪૩** લાખનું રોકાણ કરાવ્યું, બે વર્ષ બાદ મૂળ રકમ પણ પરત ન આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

ડિજિટલ કરન્સીમાં રોકાણ કરવાથી બે વર્ષમાં કરોડોનું વળતર મળવાની લાલચ આપી વડોદરાના 29 વર્ષીય વેપારી સાથે રૂ.61.73 લાખની છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે. આરોપીઓએ વેપારીને ત્રણ ગણું વળતર આપવાની લાલચ આપી તબક્કાવાર રૂ.65.43 લાખનું રોકાણ કરાવ્યું હતું. જોકે, સમયમર્યાદા પૂર્ણ થયા બાદ મૂળ રકમ કે વચન મુજબનું વળતર પરત ન આપ્યું. માત્ર રૂ.3.70 લાખ પરત કરી બાકીના રૂ.61.73 લાખ આપવાનો ઈનકાર કરાયો હતો.

મૂળ રાજસ્થાનના અને હાલ સોમાતળાવ વિસ્તારમાં રહેતા નાથારામ ઓગળરામ ચૌધરી ગોકુલ સુપર માર્કેટ નામે પ્રોવિઝન સ્ટોર ચલાવે છે. ફરિયાદ મુજબ, તેમના સાઢુભાઈ પાસેથી મોબાઈલ નંબર મેળવી દિલીપ આશારામ ચૌધરીએ એપ્રિલ-2023માં ફોન કર્યો હતો. શરૂઆતમાં રૂ.92 હજારની સ્કીમ હોવાનું કહી ઓનલાઈન રકમ મંગાવી હતી. બાદમાં મોટી રકમનું રોકાણ કરાવવાની દિશામાં વેપારીને સતત વિશ્વાસમાં લેવામાં આવ્યો હતો.

ત્રણ દિવસ બાદ સ્કીમ બંધ થઈ હોવાનું કહી દિલીપે તેના બોસ લલીત પ્રજાપતિ સાથે મળીને સમજાવવાની વાત કરી હતી. તા.1 મેના રોજ બંને કપૂરાઈ ચોકડી ખાતે વેપારીને મળ્યા હતા. કારમાં બેસાડી લલીતે ડિજિટલ કરન્સીના ભવિષ્ય વિશે સમજાવી રોકાણથી મોટું વળતર મળવાની વાત કરી હતી. મે થી ડિસેમ્બર સુધી રૂ.65 લાખનું રોકાણ કરવાનો ટાર્ગેટ આપી બે વર્ષ બાદ રૂ.2 કરોડ મળવાની લાલચ અપાઈ હતી.

વિશ્વાસમાં આવી વેપારીએ અલગ-અલગ તબક્કામાં બંને આરોપીઓના ખાતામાં કુલ રૂ.65.43 લાખ ટ્રાન્સફર કર્યા હતા. બે વર્ષ બાદ રકમ પરત માંગતા આરોપીઓએ બહાનાં કાઢ્યા હતા અને વધુ 10 ટકા રકમની માંગણી કરી હતી. કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી આપતાં માત્ર રૂ.3.70 લાખ પરત કરી બાકીની રકમ માટે 'જે થાય તે કરી લો' કહી દીધું હતું. આ રીતે વેપારીને મોટી રકમ ગુમાવવાનો વારો આવ્યો હતો. અંતે નાથારામ ચૌધરીએ દિલીપ ચૌધરી અને લલીત પ્રજાપતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે નાણાકીય વ્યવહારોની તપાસ હાથ ધરી છે.

# PMના કાર્યક્રમમાં આમંત્રણ નહીં પાઠવતા જિલ્લા ભાજપમાં છૂપો રોષ

**પીએમના** કાર્યક્રમમાં મંડળ પ્રમુખોને આમંત્રણ, મહામંત્રીઓ અને કેટલાક ધારાસભ્યો વંચિત

**હું** બાવો અને મંગળદાસ જેવો ઘાટ, હોદ્દેદારો એસી કેબિનમાં બેસી રહે છે, કાર્યકર્તાઓને મહત્વ નહિ અપાતું હોવાની ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તાજેતરના વડોદરા પ્રવાસને લઈને ભાજપ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું અને તમામ વિભાગોને અગાઉથી જ આદેશો આપી દેવાયા હતા. જોકે આ આયોજન વચ્ચે જિલ્લા ભાજપમાં આમંત્રણને લઈને ભારે નારાજગી અને છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

ખાસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીએમને આવકારવા માટે યોજાયેલા કાર્યક્રમમાં મંડળના પ્રમુખોને બોલાવવામાં આવ્યા હતા, જ્યારે મહામંત્રીઓને આમંત્રણ જ આપવામાં આવ્યું ન હતું. એટલું જ નહીં, કેટલાક ધારાસભ્યોને પણ આમંત્રણ ન મળ્યું હોવાની ચર્ચા છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, ત્રણ મહામંત્રી અને પ્રમુખ એટલા જ એરપોર્ટ પર હાજર હતા, જ્યારે ધારાસભ્યો ડોમમાં હતા. જિલ્લાના અનેક કાર્યકરો અને હોદ્દેદારો આમંત્રણથી વંચિત રહેતા તેમનામાં વિરોધનો સૂર ઉઠ્યો છે. આ મામલે નારાજ વર્તુળોએ આક્ષેપ કર્યો છે કે, હાલ જિલ્લામાં હું બાવો અને મંગળદાસ જેવો ઘાટ સર્જાયો છે. હોદ્દેદારોને હોદ્દાની લહાણી તો કરી દેવામાં આવી છે, પરંતુ તેમને ખબર જ નથી કે પોતે કયા વિભાગમાં છે, મીડિયા સેલ હોય કે આઈટી વિભાગ હોય, તે વિભાગની શું કામગીરી છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, અમુક લોકો પોતાની મસ્તીમાં રાચે છે અને હોદ્દો લઈને એસી કેબિનમાં બેસી રહે છે. આ અંગે હાલમાં જ ઝોન મહામંત્રીએ પણ ટકોર કરી હતી અને જિલ્લાનો પ્રવાસ કરવા સૂચના આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક હોદ્દેદારો પોતાનો ઈગો સંતોષવા માટે દરેક કાર્યક્રમમાં પોતે જ ઈન્ચાર્જ બની જાય છે, જેના કારણે સાચા કાર્યકરો અને અન્ય હોદ્દાઓને જિલ્લામાં કોઈ મહત્વ આપવામાં આવતું નથી. આજે આ જ કારણોસર સાચા કાર્યકરો સહિત ધારાસભ્યોને પણ આમંત્રણ ન મળતા જિલ્લા ભાજપના કેટલાક વર્તુળોમાં છૂપો રોષ ફેલાયો છે.

### પર્યાવરણપ્રેમી ગણેશભક્તોમાં ઇકો-ફ્રેન્ડલી મૂર્તિઓનો ક્રેઝ

# વડોદરામાં ગણેશોત્સવ પૂર્વે મૂર્તિઓના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો

**ટ્રાન્સપોર્ટેશન** અને ઈંધણના ભાવ વધતાં મૂર્તિઓ મોંઘી થઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.9

સાંસ્કૃતિક નગરી વડોદરામાં આસન્ન ગણેશોત્સવને લઈને ગણેશભક્તો અને મૂર્તિકારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડોદરાના નવલખી ગ્રાઉન્ડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ગણેશજીની પ્રતિમાઓનું વેચાણ પૂરજોશમાં શરૂ થઈ ચૂક્યું છે. આ વર્ષે વડોદરાવાસીઓમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને કારણે ઈકો-ફ્રેન્ડલી અને માટીની ગણેશ પ્રતિમાઓની માંગમાં ધરખમ વધારો નોંધાયો છે.

આ વખતે ગણેશજીની મૂર્તિઓના નિર્માણ માટે વપરાતા કાચા માલ, ટ્રાન્સપોર્ટેશન તેમજ ઈંધણના ભાવમાં વધારો થવાના કારણે પ્રતિમાઓના ભાવમાં ૧૫ થી ૨૦ ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે. મૂર્તિકારોના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રથી આવતી માટીની મૂર્તિઓ તથા વડોદરામાં જ તૈયાર કરવામાં આવતી સ્થાનિક પ્રતિમાઓના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાને કારણે ભાવમાં તફાવત આવ્યો છે.

આ વર્ષે વડોદરાના બજારોમાં ગીર ગાયના છાણમાંથી બનાવવામાં આવેલી લાઈટ-વેઈટ ગણેશજીની પ્રતિમાઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ મૂર્તિઓ સંપૂર્ણપણે પર્યાવરણને અનુકૂળ છે અને કુદરતી રંગોથી તૈયાર કરવામાં આવે છે. ૧.૫ ફૂટથી લઈને ૫ ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતી આ મૂર્તિઓનું ઘરમાં જ વિસર્જન કરી શકાય છે. વિસર્જન બાદ આ મૂર્તિ ખાતરમાં ફેરવાઈ જાય છે અને તેમાંથી નવા છોડ ઊગી નીકળે છે, જેથી પર્યાવરણને નુકસાન થતું નથી. આવી મૂર્તિઓની ઓનલાઈન અને ઓફલાઈન બુકિંગમાં ભારે ઉછાળો આવ્યો છે અને મોટાભાગનો સ્ટોક બુક થઈ ચૂક્યો છે.

વડોદરાના સ્થાનિક નાગરિકો અને ગણેશભક્તો માટી તથા ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. ગ્રાહકોનું કહેવું છે કે ઘરના કુંડામાં સરળતાથી વિસર્જન કરી શકાતું હોવાથી અને તેના પાણીનો ઉપયોગ છોડમાં કરી શકાતો હોવાથી તેઓ માટી અને ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ જ પસંદ કરી રહ્યા છે. મૂર્તિઓના સજાવટ અને ફિનિશિંગ પાછળ લોકો વધુ આકર્ષાઈ રહ્યા છે.

# રખડતાં કૂતરાના ખસીકરણ અને રસીકરણ માટે પાલિકા રૂ.૧.૫૦ કરોડનો ખર્ચ કરશે

**પીવાના** પાણી, ડ્રેનેજ, ટાઉનહોલના નિભાવ તથા ૯.૧૩ કરોડના ખર્ચે ૨૬ શૌચાલયો બનાવવા સ્થાયીમાં રજૂ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

શહેરમાં રખડતાં કૂતરાંનો ત્રાસ ઘટાડવા તથા હડકવા જેવા જીવલેણ રોગ સામે રક્ષણ આપવા વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા એનિમલ બર્થ કંટ્રોલ (ABC) પ્રોગ્રામ હેઠળ મોટી ઝુંબેશ હાથ ધરાશે. આ માટે રૂ.1.50 કરોડનો ખર્ચ મંજૂર કરવા આગામી સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરાશે. રી-ટેન્ડરિંગ બાદ 'વી.એસ.પી.સી.એ' અને 'યશ ડોમેસ્ટિક રિસર્ચ સેન્ટર' ક્વોલીફાઈ થયા છે.

કેન્દ્ર સરકારના ABC રૂલ્સ-2023 મુજબ રખડતાં કૂતરાંને પકડી ખસીકરણ, હડકવા વિરોધી રસી અને જરૂરી સારવાર આપવામાં આવશે. ત્યારબાદ તેમને મૂળ સ્થળે પરત મૂકવામાં આવશે. ચાપડ અને પાલનપુરના ABC સેન્ટર ખાતે નક્કી થયેલા ભાવ મુજબ કામગીરી કરાશે. કેન્દ્ર સરકાર 25% અને રાજ્ય સરકાર 16% ગ્રાન્ટ આપશે, જ્યારે બાકી 59% ખર્ચ પાલિકા સ્વભંડોળમાંથી ભોગવશે. દક્ષિણ ઝોનના વોર્ડ નં.18માં કાસ્ટ આયર્ન/ડી.આઈ. નળિકા, ચેમ્બર, ટ્યુબવેલ અને હેન્ડપંપના કામ માટે રૂ.1 કરોડની મર્યાદામાં દરખાસ્ત કરાશે. પશ્ચિમ ઝોનના વોર્ડ નં.10માં પાણીની લાઈનના ચાલુ ઈજારામાં છ મહિના સુધીનો વધારો કરાશે. ડ્રેનેજ નળિકા અને દુરસ્તીના ચાલુ ઈજારામાં રૂ.2.50 કરોડની નાણાકીય મર્યાદા વધારવાની પણ દરખાસ્ત છે. શહેરમાં હાલ માત્ર 73 પે એન્ડ યુઝ ટોઈલેટ ઉપલબ્ધ હોવાથી સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 હેઠળ 46 સ્થળોએ 452 સીટ ધરાવતા ટોઈલેટ કોમ્પ્લેક્ષ બનાવવાનું આયોજન છે. પ્રથમ તબક્કે પૂર્વ ઝોનમાં 12 ટોઈલેટ માટે રૂ.4.30 કરોડ અને પશ્ચિમ ઝોનમાં 14 ટોઈલેટ માટે રૂ.4.83 કરોડના કામોની દરખાસ્ત રજૂ થશે.

### પતિ ન મળે તો પત્નીને ઉઠાવી લો તેવી ધમકીનો ગંભીર આરોપ

# ભાજપના મોટા ગજાના યુવા નેતાની ભલામણથી લોકેશ શર્માની ધરપકડ ટળી હોવાનો આક્ષેપ!

**હોકી** અને ધારદાર હથિયારો સાથે પહોંચ્યાનો દાવો



(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રાજકીય વગ અને પોલીસ કાર્યવાહીને લઈને મામલો ગરમાયો છે. ભાજપના નેતાઓ સાથેના ફોટા સોશિયલ મીડિયામાં મૂકીને રાજકીય ઓળખનો રોફ જમાવવાનો પ્રયાસ કરનાર હોવાના આક્ષેપો વચ્ચે જીમ સંચાલક લોકેશ શર્મા સહિત બાલા ઐયર અને નિલેશ કહાર સામે મહિલાને ઉઠાવી જવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, ત્રણેય શખ્સો મહિલાના પતિને શોધવા હોકી અને ધારદાર હથિયારો સાથે પહોંચ્યા હતા. જોકે, પતિ ત્યાં હાજર ન હોવાથી મહિલાને જ ઉઠાવી લેવાની ધમકી આપી હોવાનો ગંભીર આક્ષેપ છે. ઘટનાને પગલે પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો હોવાનું જણાવાયું છે. આરોપીઓ વાહનો સાથે હથિયારો લઈને વિસ્તારમાં આંટાફેરા મારતા હોવાના CCTV દૃશ્યો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

ફરિયાદ બાદ માંજલપુર પોલીસ લોકેશ શર્માને પકડવા પહોંચી હતી. જોકે, ભાજપના એક મોટા ગજાના યુવા નેતાની ભલામણ કરવામાં આવી હોવાના આક્ષેપ બાદ તેની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું છે. આરોપી આગામી દિવસોમાં પોલીસ સ્ટેશનમાં હાજર થશે તેવી વાત થતાં પોલીસ પરત ફરી હોવાનો દાવો છે.

આ મામલે હવે સવાલ ઉઠી રહ્યો છે કે ગંભીર ધમકીની ફરિયાદ હોવા છતાં ધરપકડ કેમ ટાળવામાં આવી? રાજકીય ભલામણના કારણે કાર્યવાહી અટકી કે અન્ય કોઈ કાયદાકીય કારણ હતું તે તપાસનો વિષય છે. જોકે, રાજકીય દબાણ કે ભલામણ અંગે પોલીસ તરફથી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સમગ્ર મામલે માંજલપુર પોલીસે ગુનો નોંધી CCTV સહિતના પુરાવાઓની તપાસ શરૂ કરી છે.

### એક પખવાડિયામાં ભાવ ડબલ, હોલસેલમાં ૧૭૦ અને છૂટકમાં ૨૦૦થી ૨૧૦ રૂપિયે વેચાણ

# ખાંડ, ડુંગળી અને તેલ બાદ હવે લીંબુના ભાવે રડાવ્યા, વડોદરામાં કિલોના ભાવ ૨૦૦ને પાર

**લોકો** હવે કિલો છોડી નંગ પર આવ્યા, આવક ઘટતા ભાવ વધ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરમાં મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. ખાંડ, ડુંગળી અને ખાદ્યતેલના ભાવમાં વધારા બાદ હવે લીંબુના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. એક પખવાડિયા પહેલા વડોદરાના છૂટક બજારમાં 100 થી 120 રૂપિયા કિલો મળતું લીંબુ હવે બમણા ભાવે વેચાઈ રહ્યું છે.

હાલ વડોદરાના ખંડેરાવ માર્કેટ સહિત છૂટક બજારમાં લીંબુનો હોલસેલ ભાવ 170 રૂપિયા કિલો અને છૂટક ભાવ 200 થી 210 રૂપિયા કિલો થઈ ગયો છે. કેટલાક વિસ્તારોમાં તો લીંબુ 250 રૂપિયા કિલો સુધી પણ વેચાઈ રહ્યું છે, જેના કારણે હવે મધ્યમ વર્ગના લોકો કિલોના ભાવે લીંબુ ખરીદવાને બદલે નંગના ભાવે ખરીદતા થઈ ગયા છે. સામાન્ય રીતે દર વર્ષે ઉનાળામાં લીંબુની માંગ વધતા ભાવ વધતા હોય છે, પરંતુ આ વખતે ચોમાસામાં જ ભાવમાં ધરખમ વધારો થતાં લોકોમાં આશ્ચર્ય સર્જાયું છે.

આ અંગે ખંડેરાવ માર્કેટમાં શાકભાજીના વેપારી નીતિન પટેલે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર, કર્ણાટક અને દક્ષિણ ભારતના અન્ય રાજ્યોમાંથી વડોદરામાં લીંબુની આવક થાય છે. ભારે વરસાદના કારણે પાકને નુકસાન થયું છે અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ વધ્યો છે. જેના કારણે આવકમાં 40 ટકાથી વધુનો ઘટાડો થયો છે. સામે લગ્નસરાની સીઝનને કારણે માંગ યથાવત છે, તેથી ભાવ વધ્યા છે. જો આવક નહીં વધે તો આગામી દિવસોમાં ભાવ હજુ વધવાની શક્યતા છે. હાલ તો લીંબુના વધેલા ભાવે સામાન્ય ગૃહિણીનું બજેટ ખોરવાયું છે. ગોપીભાઈ રાણાએ જણાવ્યું હતું કે, ભાવ વધારાના કારણે હવે લોકો પણ જરૂરિયાત મુજબના બદલે ઓછા લીંબુ ખરીદતા જોવા મળી રહ્યા છે હાલ નાના બજારોમાં 50 રૂ.ના અઢીસો, 200 રૂપિયા કિલો અને હોલસેલમાં 160 રૂપિયા વેચાણ થઈ રહ્યા છે. ભાવ ઉપરથી જ વધીને આવ્યા છે જેથી કરીને અમારે ના છૂટકે આ મુજબ ભાવે વેચાણ કરવું પડી રહ્યું છે.

### પાલિકાના અનગઢ વહીવટ સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ

# ગાજરાવાડીમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણથી હજારો લિટર પાણી વેડફાયું

**ગટરમિશ્રિત** પાણીથી વિસ્તારમાં રોગચાળો ફેલાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા મહાનગરપાલિકાની કામગીરી સામે વધુ એક સવાલ ઊભો થયો છે. ગાજરાવાડી વિસ્તારમાં પાણીની ટાંકી નજીક પીવાના પાણીની મુખ્ય સપ્લાય લાઇનમાં ભંગાણ સર્જાતા હજારો લિટર શુદ્ધ પાણી રસ્તા પર વહીને વેડફાયું હતું. ઘટનાને પગલે પાલિકાના તંત્રની કામગીરી અને પાણી પુરવઠાની વ્યવસ્થા સામે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

ગાજરાવાડી તથા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દૂષિત અને ગટરમિશ્રિત પાણી મળવાની ફરિયાદો ઉઠી રહી છે. આવા સમયે મુખ્ય પાણીની લાઇનમાં ભંગાણ સર્જાતા સમસ્યા વધુ ગંભીર બની છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, પાલિકા દ્વારા કરાવવામાં આવતી કામગીરીમાં ગુણવત્તાનો અભાવ હોવાના કારણે વારંવાર પાણીની લાઈનોમાં ભંગાણ સર્જાય છે. કોન્ટ્રાક્ટરોની કામગીરી અને અધિકારીઓની દેખરેખ સામે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાણીની લાઈનમાં ભંગાણ થવાથી ગટરનું ગંદુ પાણી પીવાના પાણીમાં ભળવાની શક્યતા રહે છે. તેના કારણે વિસ્તારમાં ઝાડા-ઊલટી અને તાવ સહિતના રોગચાળાનો ભય ફેલાયો છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના આરોગ્યને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વારંવાર રજૂઆતો છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ ન આવતું હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. તાત્કાલિક ભંગાણનું સમારકામ કરી શુદ્ધ પાણીનો પુરવઠો પુનઃસ્થાપિત કરવાની માંગ કરવામાં આવી છે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો પાલિકા કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની સ્થાનિકોએ ચીમકી આપી છે.

# ચૈતર વસાવાને ૭ દિવસના શરતી જામીન, જેલમાંથી મુક્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.9

ગુજરાત હાઈકોર્ટે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને સાત દિવસના શરતી જામીન મંજૂર કર્યા છે. હાઈકોર્ટના હુકમ બાદ તેઓ વડોદરા સેન્ટ્રલ જેલમાંથી બહાર આવ્યા હતા. વિધાનસભા સત્રમાં હાજરી આપવા માટે કરાયેલી જામીન અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે માનવતાના ધોરણે અને લોકશાહીના હિતને ધ્યાનમાં રાખી રાહત આપી હતી.

જામીનના સમાચાર મળતા જ મોટી સંખ્યામાં સમર્થકો અને કાર્યકરો વડોદરા સેન્ટ્રલ જેલ બહાર એકત્ર થયા હતા. જેલમાંથી બહાર આવતા ચૈતર વસાવાનું હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. હાઈકોર્ટે જામીન સાથે કેટલીક શરતો પણ મૂકી છે. સાત દિવસ દરમિયાન તેઓ મીડિયા સાથે વાતચીત કરી શકશે નહીં અને ગાંધીનગરની હદ છોડવાની મનાઈ રહેશે. ઉપરાંત, આજથી શરૂ થયેલા વિધાનસભા સત્રમાં હાજરી આપવાની રહેશે.